॥ સ્વામિશ્રીજી ॥



# "સ્વામી ! ભવિષ્યમાં આપના શિષ્યો આપની સુવર્ણની મૂર્તિ પધરાવશે !"

આ વર્ષે ચૌદમી ફેબ્રુઆરીએ જ મહા સુદ પાંચમ – વસંતપંચમી છે – બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજીનો ૧૫૯મો પ્રાગટ્યદિન !

પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણની મરજી અનુસાર પ્રભુના કાર્યના વાહક રૂપે પ્રભુના દિવ્ય તત્ત્વના ધારક મહા ચૈતન્ય જ્યારે આ ધરતી પર મનુષ્યદેહ ધારણ કરી પ્રગટ થાય છે ત્યારે આ પૃથ્વીના મુમુક્ષુઓ માટે એક આધ્યાત્મિક ઉત્ક્રાંતિના જ્યોતિર્ધર રૂપે તેઓ મંગલરૂપ હોય છે.

બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ પણ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તક જ્યોતિર્ધર રૂપે જ પ્રગટ થયા અને આ જ તેઓના જીવનનો મૂળ અને મુખ્ય ઉદ્દેશ રહ્યો ! આશ્રિતજન માટે ભગવાન સ્વામિનારાયણ ન કેવળ સાકાર અને સર્વ કર્તા–હર્તા સર્વોપરી છે ; પરંતુ, પ્રભુનું એ દિવ્ય તત્ત્વ આ ધરાતલ પર શાશ્વતકાળ પર્યંત પ્રગટ અને પ્રત્યક્ષ રહે છે, અને એવા પ્રગટ પ્રત્યક્ષ ગુરુરૂપે શ્રીહરિની સાથે આત્મબુદ્ધિ અને પ્રીતિથી જીવને જોડે "તેને કલ્યાણના માર્ગમાં કાંઈયે સમજવું બાકી રહ્યું નહીં..." તેવાં સ્વયં શ્રીજી મહારાજનાં અમૃત વચનો છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ અને આ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમના પરમ તત્ત્વના ધારક એકમેવ અદ્વિતીય અનાદિ અક્ષરબ્રહ્મ તે શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી ! આમ, પુરુષોત્તમના પરમ તત્ત્વના સંપૂર્ણ સાંગોપાંગ ધારક એવા અક્ષરમૂર્તિ દ્વારા અક્ષરપુરુષોત્તમના સાકાર, દિવ્ય, પ્રગટ અને આશ્રિતજન માટે સર્વોપરીપણાની વાતની અનુભૂતિ તે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના અને તેનાં આચરણ તે જીવના પરમ કલ્યાણનો સરળતમ્ અધ્યાત્મમાર્ગ તથા જીવનના દિવ્ય પરિવર્તનની સહજતમ્ રીત !

ગઢડા મધ્યના ૨૧મા વચનામૃતના આધારે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની આ પરમ કલ્યાણકારી વાત જ્યારે શ્રી વડતાલ મંદિરજીની કમિટીના તત્કાલીન સભ્ય અને ગુજરાતના સન્માનનીય સાક્ષર શ્રી દોલતરામ કૃપાશંકર પંડ્યાજીને નડિયાદમાં તેઓના નિવાસસ્થાને તેઓના મુમુક્ષુતાપૂર્ણ પ્રશ્નોના સમાધાન રૂપે સમજાવી ત્યારે શ્રી દોલતરામજીના મુખે ભાવિના નિર્દેશ કરનારા શબ્દો આજે અનુપમ મિશનની તપોભૂમિમાં પ્રગટ મંદિરજીમાં સાકાર થયા છે. શ્રી દોલતરામજીએ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના શ્રીમુખે શ્રીજી મહારાજના વચનામૃત ગઢડા મધ્ય ૨૧ના નિરૂપણનાં શ્રવણ કરી કહ્યું હતું કે,

**"સ્વામી ! આ તો જે કાર્ય કરવા (સ્વયં) મહારાજને અવતાર ધરીને ફરી આવવું પડે તે કાર્ય આપે કર્યું છે. આપની મહત્તા અપાર છે. એટલે, આજે તો આપે મહારાજ અને સ્વામીની ધાતુની મૂર્તિઓ પધરાવી છે ; પણ, ભવિષ્યમાં આપના શિષ્યો આપની સુવર્ણની મૂર્તિ પધરાવશે !"**

શ્રી દોલતરામ પંડ્યાજીની એ ભવિષ્યવાણી સંતભગવંત સાહેબજીના માધ્યમ દ્વારા સાકાર થઈ છે તે સમગ્ર અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના ઉપાસકો અને સમસ્ત સ્વામિનારાયણ સંપ્રદાય માટે ગૌરવવંતી મંગલમય ઘટના છે.

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતોને બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના વચન અનુસાર જીવનના પ્રત્યેક વિચાર અને વાણી અને વર્તનમાં આચરણમાં આણનારા ગુરુહરિ પરમ પૂજ્ય કાકાશ્રીએ પણ ૧૯૫૨ની સાલના ફેબ્રુઆરી માસની ત્રીજી તારીખે શ્રી ગોંડલ મહાતીર્થમાં પ્રગટ મંદિરજીમાં શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ સન્મુખ ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની પ્રાર્થના અને કૃપાશિષથી ૭૨ કલાકની સમાધિ અવસ્થા દ્વારા શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની તાત્ત્વિક અનુભૂતિ અને સાક્ષાત્કાર કર્યાં !

આ બંને દિવ્ય પ્રભુના તત્ત્વના ધારક ગુણાતીત સત્પુરુષો – બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ તથા ગુરુહરિ પરમ પૂજ્ય કાકાજી મહારાજને આપણાં અનંત હૃદયવંદન સહ ભક્તિસભર સાષ્ટાંગ દંડવત પ્રણામ હજો !

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના રૂપી જીવના પરમ કલ્યાણનો મુદ્દો આ જીવનમાં સાકાર થાય તેવી અંતરની પ્રાર્થના અખંડ વહો ! ◆

સ્વા. શ્રી...

~ સાધુ મનોજદાસ